૨૮/૬/૨૨ **વર્કશોપ સેમિનારઃ શ્રી અંકિતભાઇ પ્રજાપતિએ** ધો- ૬ થી ૧૨ના વિદ્યાર્થીઓને સમૂહ પ્રાર્થનામાં તજજ્ઞશ્રી દ્વારા મેમરી પાવર ડેવલેપમેન્ટ પર સુંદર પ્રેઝન્ટેશન આપ્યુ, તથા વિદ્યાર્થીઓ સાથે બે દિવસનો વર્કશોપ યોજાયો.





૭/૭/૨૨ **વર્કશોપ સેમીનારઃ શ્રી રોહિતભાઇ પારેખ** દ્વારા શાળાના ધો- ૬ થી ૧૨ ના વિદ્યાર્થીઓને ચેસની રમતનું માર્ગદર્શન આપવામાં આવ્યું.



૧૩/૭/૨૨ **ગુરુ પૂર્ણિમાની ઉજવણી :** શાળાની ઉત્તરોત્તર પ્રગતિ તેમજ આધ્યાત્મિક ભાવાવરણની અનુભૂતિ કરાવનાર પરમ પૂજય શ્રી નારાયણ બાપુ . ગુરુપૂર્ણિમાના દિવસે શાળા પરિવાર દ્વારા આરતી અને પૂજન વિધિ સાથે ગુરુજીને વંદન કરવામાં આવ્યું.





૨૧/૭/૨૨ **થ્રી ડી ફિલ્મઃ** શાળાના બાળકોને જ્ઞાન સાથે રોમાંચની અનુભૂતિ કરાવે તેવો થ્રીડી એજયુકેશન સાયન્સ-શો બતાવવામાં આવ્યો. જેમાં અવકાશ દર્શન, ડાયનોસોર પાર્ક, દરિયાઇ જીવોનો અદ્‌ભૂત નજારો વિદ્યાર્થીઓએ થ્રીડી-શો થકી નિહાળ્યો. શાળાના શિશુથી માંડીને ધો-૧૨ સુધીનાં બધાં જ બાળકોએ થ્રી ડી ફિલ્મ નિહાળી.

૧/૦૮/૨૦૨૨ **<u>આઝાદી કા અમૃત મહોત્સવ હર ઘર ત્રિરંગા ઉત્સવ :</u>** ૭૬ માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નિમિત્તે ત્રિરંગા મહોત્સવની વિવિધ પ્રવૃતિઓ જેમ કે,નુકકડ નાટક, રેલી, વકતૃત્વ,નિબંધ,ત્રિરંગાની બનાવટ (ક્રાફ્ટ મેકીગ) ત્રિરંગાની ૧૯૦૬ થી ૧૯૪૯ સુધીની યાત્રાનું પ્રેઝન્ટેશન વગેરે શાળામાં આયોજિત કરવામાં આવ્યા. કાર્યક્રમમાં મહેમાનશ્રીઓ શ્રી રોહિતભાઇ પારેખ (ચેસ ચેમ્પિયન), ધૈર્ય જનકભાઇ ભટ્ટ, જૈના ચંદન વસંતભાઇ દ્વારા શાળામાં ઉત્તમ સેવા આપવા બદલ સન્માન કરવામા આવ્યું.શાળાની વિવિધ પ્રવૃતિઓમાં ઉત્તમ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યા.

૧૫/૮/૨૨ **સ્વાતંત્ર્ય દિન ઉજવણીઃ** ૭૬ માં સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી નિમિત્તે કાર્યક્રમમાં શાળાનાં ટ્રસ્ટી આદરણીય આદરણીય **મંજુલાબેન પ્રજાપતિ, ચેરમેનશ્રી , હેમંતભાઇ આર. પ્રજાપતિ, શ્રીમતિ મંદાબેન પ્રજાપતિ, પાર્થકુમાર પ્રજાપતિ** તથા **કુ. પૂર્વા પ્રજાપતિ** નાં વરદ્ હસ્તે ધ્વજવંદન વિધિ કરવામાં આવી. નારાયણ ડિફેન્સ ટ્રેનિંગ એકેડેમી અંતર્ગત શાળાનાં વિદ્યાર્થીઓની બ્યુગલના બુલંદ અવાજો સાથેની પરેડથી નારાયણ નગર ગુંજી ઉઠયું હતું. શાળાનાં વિદ્યાર્થીઓ દ્વારા અમૃત મહોત્સવ અંતર્ગત કૃતિઓ રજૂ કરવામાં આવી. શાળાની વિવિધ પ્રવૃતિઓમાં ઉત્તમ પ્રદર્શન કરવા બદલ વિદ્યાર્થીઓને પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યાં. કાર્યક્રમનાં મુખ્ય મહેમાનશ્રી હેમંતભાઇ પ્રજાપતિએ પ્રસંગોચિત વકતવ્ય આપ્યું. સમગ્ર કાર્યક્રમનું સંચાલન આચાર્યશ્રી ડૉ. ભગુભાઇ આઇ. પ્રજાપતિનાં માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું. કન્વી.શિક્ષકઃ શૈલેન્દ્રસિંહ ગોહિલ, વિદ્યાબેન, ઉર્વશીબેન, શીલાબેન, સુરેશભાઇ.














**૩૦/૦૮/૨૨ પ્રો.આઇ.કે. અન્સારી સાહેબ**નું પ્રેરણાત્મક વકતવ્ય

**(પ્રાધ્યાપક, કોલેજ ઓફ એજયુકેશન ખરોડ)**

**વિષય :** વર્ગખંડનું વાતાવરણ જીવંત કેવી રીતે બનાવવું?



- શિક્ષણ પદ્ધતિ એ કોઇ પણ દેશના આર્થિક વિકાસ માટે જવાબદાર છે. સમાજની ગુણવત્તાનો આધાર શિક્ષણ પર રહેલો છે. સમાજની કોઈપણ વ્યકિતનું સ્તર શિક્ષકના સ્તર કરતા ઊંચુ હોય શકે નહિ.ભારતનું ભાવિ તેના વર્ગખંડમાં ઘડાય રહ્યું છે. સમાજ શિક્ષક પાસેથી ઘણી અપેક્ષાઓ રાખે છે. વિદ્યાર્થીઓને જીવનલક્ષી શિક્ષણ આપવું "Winners don't do different things, theydo things differently" – Shiv Khera.

**તાઃ૨/૯/૨૨** નાં રોજ શાળાનાં **તેજસ્વી વિદ્યાર્થીઓનો સન્માન સમારોહ** યોજાયો.કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે **શ્રી દુષ્યંતભાઇ પટેલ** (મુખ્ય દંડકશ્રી,ધારાસભ્યશ્રી ભરૂચ મતવિસ્તાર), **મા.શ્રી.વી.એન.ઘરિયા**( નિવૃત આચાર્યશ્રી,નારાયણ વિદ્યાલય), **મા.શ્રી રવિભાઇ મહેતા**( વાલી તથા તાલુકા લીગલ એડવાઈઝર અંકલેશ્વર) તથા **મા.શ્રી ભરતભાઇ સલાટ** ( શિક્ષણ નિરિક્ષકશ્રી, ભ.જિ.શિક્ષણ અધિકારી કચેરી) તથા **મા.શ્રી.હેમંતભાઇ આર.પ્રજાપતિ**( ચેરમેનશ્રી ના.વિ.ભરૂચ )ઉપસ્થિત રહયા. આ કાર્યક્રમમાં ધો- ૬ થી ૧૨ના તેજસ્વી વિદ્યાર્થીઓને શિલ્ડ તથા સર્ટિફીકેટ થી સન્માનિત કરવામાં આવ્યા. સાથે શાળાના વયમર્યાદાને કારણે નિવૃત થનાર શાળાના શિક્ષિકા કાશ્મીરાબેન પટેલ તથા રાજય કક્ષાએ ભાગ લેનાર શિક્ષિકા નયનાબેન તથા ભાવિશાબેનને સન્માનિત કરવામાં આવ્યા.

**મા.શ્રી દુષ્યંતભાઇ પટેલે** પોતાના પ્રાસંગિક ઉદ્‌બોધનમાં Make In India અને Start Up India વિશે વિદ્યાર્થીને પોતાના સૂચનો જણાવી બાળકોને ઇનોવેટિવ બનવા પર ભાર મુકયો. સૌથી વધુ યુવા ધરાવતો ભારત જો Make In India થકી આગળ વધે તો અન્યને પણ રોજગાર આપી શકે તો વિદ્યાર્થીઓએ હમણાંથી પોતાનું લક્ષ્ય નકકી કરી આગળ વધવું જોઇએ. મા.શ્રી ઘરિયા સાહેબે પોતાના ઉદ્‌બોધનમાં ફોરેન્સીક સાયન્સ વિશે માહિતી આપી અને નવા ક્ષેત્રો વિશે વિચારવાનો સમય હવે આવી ગયો છે તેમ જણાવ્યું હતું.સમગ્ર કાર્યક્રમનું સંચાલન શાળાના ડાયરેકટર અને આચાર્ય ડૉ.ભગુભાઇ પ્રજાપતિ અને ઇ.આ. શ્રીમતી બિનીતાબેન ગોહિલના માર્ગદર્શન હેઠળ શ્રી ચીમનભાઇ પરમાર અને શ્રીમતી વિદ્યાબેન રાણાએ કર્યુ હતું.

**તમારું કર્મ**
**એ જ તમારી**
**ઓળખાણ છે**
**બાકી એક જ**
**નામવાળા હજારો**
**વ્યકિતઓ**
**હોય છે**
**આ દુનિયામાં**





